**વડીલોને વંદન**

**અભિનંદન**



લીંબાચીયા કપિલાબેન આર.
(૧૯૫૫) મો. ૯૯૯૮૯૯૬૬૯૮

# અરવલ્લી જિલ્લામાં ૫,૭૫૦ હેક્ટરમાં ઉનાળુ વાવેતરનો આંશિક પ્રારંભ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના ભૂમીપુત્રોએ રવિ સીઝનમાં મોટા પ્રમાણમાં વાવેતરમાં નુકશાન થયું હતું. તેમજ ઉનાળુ વાવેતર પિયત જમીનમાં જ શક્ય હોવાથી પાણીના અભાવે જિલ્લાની મોટાભાગની જમીનોમાં ખેડૂતો વાવેતરથી અળગા રહે છે. જેમાં ઉનાળાના મુખ્ય પાક મગફળી, બાજરી, મકાઈ, ગવાર, શાકભાજી તેમજ પશુઓ માટે ઘાસચારા જેવા પાકોનું હાલમાં જિલ્લાના ખેડૂતોએ પ્રારંભિક વાવેતરના શ્રીગણેશ કર્યા છે.

અરવલ્લી જિલ્લાના ઉનાવાના વાવેતરમાં મુખ્ય પાકો મગફળી, બાજરી, મગ, તલ, શાકભાજી જેવા પાકોનું હાલમાં વાવેતર શરૂ કરી દેવામાં આવ્યું છે. આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લામાં ૫૭૫૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. ઉનાળાની શરૂઆતમાં ગરમીનો માહોલ ન જામતા ઉનાળુ વાવેતર કરનાર ભૂમીપુત્રો ઉનાળાના વાવેતર માટે અસમંજસ જણાતા હતા. છતાં નસીબના જોરે અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ સૌથી વધારે રોકડીયા પાક અને મબલખ ઉત્પાદન મળી રહે તેવી મગફળીનું ૨૪૫૦ હેક્ટરમાં વાવેતર કર્યુ છે.

જ્યારે બાજરીનું ૭૬૫ હેક્ટર, મગનું ૩૧૫ હેક્ટર, ઘાસાચારાનું ૧૩૩૦ હેક્ટર તેમજ પાણીનું સૌથી વધારે જરૂરીયાત પડતી એવી શાકભાજીનું વાવેતર ફક્ત ૩૧૦ હેક્ટરમાં કરવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લામાં સિંચાઈના પાણીની યોગ્ય વ્યવસ્થાના અભાવે જિલ્લાના ભૂમીપુત્રો ઉનાળુ વાવેતર કરાવનું ટાળી રહ્યા છે. ઉનાળુ પાકના વાવેતરમાં જો પાણીની માત્રા પાકને જરૂરીયાત કરતાં થોડીક જ ઓછુ પાણીની તંગી સર્જાય તો પણ ખેડૂતોએ વાવેતર કરેલો પાક ખેતરોમાં જ બળીને સૂકાઈ જતો હોવાથી અરવલ્લી જિલ્લાના પ્રજાજન મુખ્યત્વે ઉનાળાના વાવેતરથી અળગા રહેવાનું પસંદ કરતા હોય છે.



રોટરી ક્લબ ઓફ કેપીટલ દ્વારા સે. ૧૩ સરકારી કન્યા છાત્રાલય ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને સંસ્થા દ્વારા ઈનામ-પ્રમાણપત્રથી નવાજવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

## જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા અભિવાદન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવણી વર્ષ નિમિત્તે ભૂતપૂર્વ કાર્યકરોના અભિવાદન સમારંભનું તા. ૨જી મે ના રોજ આયોજનકરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્કાઉટ ગાઈડની પ્રવૃત્તિમાં રસ ધરાવનાર અને ભૂતકાળમાં પ્રવૃત્તિમાં સક્રિય કામગીરી કરી ચૂક્યા હોય તેમજ ભવિષ્યમાં પ્રવૃત્તિ સાથે જોડાવા ઈચ્છતા હોય તેમને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સ્કાઉટ ગાઈડ જિલ્લા મુખ્ય કમિશનર મણીભાઈ ચૌધરી, કમિશનર સ્કાઉટ રતિભાઈ જોષી, કમિશનર ગાઈડ મણીબેન દેસાઈ અથવા દુર્ગાબા રાઓલનો ફોન દ્વારા સંપર્ક કરવા જણાવાયું છે.

## સેક્ટર-૨-ડીમાં પાઠાત્મક લઘુરૂદ્ર

ગાંધીનગર, તા. ૧૪

રૂદ્રિ મંડળ દ્વારા પાઠાત્મક લઘુરૂદ્ર અને ચાર વેદના પુસ્તકોનું પૂજન કરવામાં આવશે. આગામી ૧૭ એપ્રિલના રોજ સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન ડી.જે. ઉપાધ્યાય પ્લોટ નં. ૧૭૫૪/૨, સેક્ટર-૨-ડી ખાતે યોજાશે. મંડળના સભ્યોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

## મહેસાણા ખાતે મહિલાઓ માટે સેમિનાર

ગાંધીનગર, તા.૧૪

મહેસાણા ધરતી પરિવાર દ્વારા મહિલાઓ માટે વિવિધ રોગો વિશે માહિતી આપતો સેમિનાર યોજવામાં આવનાર છે. સેમિનાર આગામી ૧૯ એપ્રિલ રવિવાર બપોરે ૪ થી ૭ કલાક દરમિયાન જીઆઈડીસી હોલ ફેઝ-૧ પાણીની ટાંકી પાસે મહેસાણા ખાતે યોજાશે.



## પ્રાંતિજમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવાઈ

ભારત દેશના બંધારણના ઘડવૈયા અને ગરીબોના હામી ડૉ. ભીમારામ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને પંથકમાં લોકોએ શાનદાર ઉજવણી કરી હતી. પ્રાંતિજના ભાંખરીયા વિસ્તારમાં આવેલ ડૉ. આંબેડકર ભવનની સામે આવેલ ડૉ. ભીમારાવ આંબેડકરની પ્રતિમાને પ્રાંતિજ નગરના આગેવાનો દલિત સમાજ વગેરેએ પુષ્પમાળા પહેરાવી 'જયભીમ' બાબા સાહેબ અમર રહો'ના નારાથી ગજવી મુકી આનંદ વ્યક્ત કર્યો હતો. તો ફટાકડા ફોડી, અબીલગુલાલની છોળો વચ્ચે ચોકલેટ, ફ્રુટની વહેચણી કરી વિશ્વ વિભૂતિની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજના નટુભાઈ બારોટ, અરવિંદભાઈ પરમાર, નગરના પ્રમુખ ગીરીશભાઈ પટેલ તથા સદસ્યો ઉપરાંત અસંખ્ય નાગરિકોની હાજરી રહેવા પામી હતી. તો તાજપુર કૂઈના બોભા તથા પોગલુ ગામે પણ ઉજવણી બાદ બાઈક રેલી, શોભાયાત્રા કાઢી સૂત્રો, બેનરો સાથે પ્રાંતિજ સહિત આજુબાજુના ગામોમાં બાબાની પ્રતિમાને પુષ્પાંજલી અપાઈ હતી તેમજ તેમની પ્રતિમાની શોભાયાત્રા કાઢી મીઠાઈ વહેંચવામાં આવી હતી. (તસવીર : સંજય રાવલ)



## કે.કે. પટેલ વિદ્યાલયમાં ડૉ. આંબેડકરની જીવન ચરીત્ર્ય પર ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર પાસેના કોલવડા સ્થિત કે.કે. પટેલ વિદ્યાલયમાં ડૉ. બાબાસાહેબના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધોરણ-૯ થી ૧૧ના વિદ્યાર્થીઓ માટે ભારત રત્ન બાબાસાહેબના જીવનચરીત્ર વિષય પર ચિત્ર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતુ. વિદ્યાર્થીઓએ પોતાના વિચારોને ચિત્ર સ્વરૂપે સુંદર રીતે રજૂ કર્યા હતા. શાળાના આચાર્યાએ બંધારણના ઘડવૈયા બાબા સાહેબના જીવન કવન પર ઉદાહરણ સહિત રસપ્રદ ઘટનાઓ વર્ણવી હતી. આ પ્રસંગે શાળાનો શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## સીતવાડા ગામે વહાણવટી મંદિરે પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ક્ષત્રિય વિસ્તારના સીતવાડા ગામના મેરાજી વિસ્તારના માઈભક્તો દ્વારા જગડુશા શેઠનાં વહાણ તારનારી મા જગતજનની વહાણવટી માતાના મંદિરના નિર્માણનો તથા માતા વહાણવટી સહિતના દેવી દેવતાઓનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૨૦મી એપ્રિલથી તા. ૨૨મી એપ્રિલ સુધી ધામધૂમથી ઉજવનાર છે.

ત્રિદિવસીય આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમ હોમ હવન આરતી મહાપ્રસાદનું આયોજન સ્વ. રાઠોડ ડુંગરભાના પરિવારજનો દ્વારા કરવામાં આવ્યું છે. હજારો લોકો જગતજનનીના આ પ્રોગ્રામમાં ઉમટી પડનારા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## વરસો વીતવા છતાંય બોભા ગામનો વોર્ડ નં. ૨ વિકાસ કામોથી વંચિત

પ્રાંતિજ, તા.૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ગામના વોર્ડ નં. ૨ ના રહેવાસીઓને વિવિધ પ્રાથમિક સુવિધાઓ આપવામાં પંચાયત ઠાગાઠૈયા કરી ઓરમાયુ વર્તન દાખવતી હોવાની રાવ ઉઠવા પામી છે.

બોભા ગામનો વોર્ડ નં. ૨ દલિત સમાજનો મહોલ્લો છે. ૧૫૦ મકાનોની વસ્તી વાળા આ મહોલ્લામાં વરસોની માાંગણીઓ હોવા છતાં આર.સી.સી. રોડ સહિતની પ્રાથમિક સુવિધાઓ અપાતી ન હોવાનું કાર્યકર ગાંડાભાઈ વાણિયા સહિતના લોકોએ પંચાયતમાં રજુઆતો કરી હોવા છતાં પંચાયતના સત્તાધીશો આંખ આડા કાન કરી ગરીબોના મહોલ્લાને વિકાસ કામોથી વંચિત રાખવામાં આવતા ડૉ. બાબા સાહેબની જન્મજયંતિ નિમિત્તે દલિતોએ સામુહિક રીતે મહોલ્લાના વિકાસ માટેની માંગણીના પત્રો પુનઃપંચાયત તથા સરકારને મોકલી યોગ્ય થાય તે માટેની રજુઆતોનું આયોજન કર્યું છે.

# મોડાસામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ૧૪ એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અરવલ્લી ભાજપા, દસગામ યુવા સંગઠન દ્વારા મોડાસા ચાર રસ્તા પર ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહારથી સ્વાગત કરી દસગામના યુવાનોએ નગરમાં રેલી નીકાળી હતી. જ્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી સમિતિ મોડાસા દ્વારા નગરના માર્ગો પર ભવ્ય રેલી કાઢી સભાના રૂપમાં ટાઉનહોલમાં રૂપાંતરીત કરી હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોડાસા તાલુકાના ભારતીય જનતા પાર્ટીએ મોડાસા નગરના ચારરસ્તા પર પ્રતિમાને ફૂલહારથી સન્માનવામાં આવ્યા હતા. જ્યારે દસગામ યુવાસંગઠન પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ભવ્ય રેલીનું આયોજન મેઢાસણથી મોડાસા સુધી આયોજન કરી મોડાસા ચાર રસ્તા ઉપર રહેલ પ્રતિમાને સંગઠનના હોદ્દેદારો દ્વારા ફૂલહાર કરી ડી.જે. સાથે મોડાસા શહેરમાં રેલી કાઢી હતી. ચાર રસ્તા પર ડૉ. ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે ડૉ. બાબાસાહેબને સન્માન્યા અને ઉજવણી કરવા માટે અરવલ્લી જિલ્લા પ્રમુખ નેહાબેન પટેલ, કારોબારી અધ્યક્ષ જયંતિભાઈ મુખી, અરવલ્લી જિલ્લામંત્રી ધીરૂભાઈ પ્રજાપતિ, નિલેષભાઈ જોષી, રાજુભાઈ પટેલ અનુ. જાતિના આર.જી. વણકર, દિનેશભાઈ, બુદ્ધભાઈ, નિતિન પંડ્યા તેમજ અરવલ્લી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે દસગામના યુવા સંગઠનના તમામ હોદ્દેદારો આ ઉજવણીમાં જોડાતાં ભવ્ય ઉજવણી થતાં અરવલ્લી જિલ્લા ભાજપના હોદ્દેદારોએ આભાર વ્યક્ત કર્યો હતો. જ્યારે મોડાસામાં ડૉ. બાબાસાહેબ ઠાકોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મોડાસાના અગ્રણી સમાજના વ્યક્તિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આંબેડકર જન્મ જયંતિ ઉજવણી સમિતિએ મોડાસામાં રેલી કાઢી મોડાસા નગર પાલિકાના ટાઉનહોલમાં જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને




(તસવીર : જય અમીન, મોડાસા)

સભા સંબોધવામાં આવી હતી. જેમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ જ્યારે આર.એસ.એસ. પ્રેરિત અરવલ્લી સામાજીક સમરસતાના મંચ ઉપક્રમે મંગળવારે સાંજે મોડાસા નગરપાલિકા ટાઉનહોલમાં પશ્ચિમ ક્ષેત્ર સંઘ સંયોજક ડૉ. જયંતિ ભાડેશિયાનું જાગૃતિ અને સમરસતા માટે બૌધીક વ્યાખ્યાનનું આયોજન કરી અરવલ્લી અનુસૂચિત જાતીના સદસ્યો અને તમામ વર્ગોના કાર્યકરો દ્વારા સમરસતાનું પ્રતિક બની ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરી હતી. આ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિમાં સમગ્ર મોડાસા શહેરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

# મહેસાણામાં ડૉ. બાબાસાહેબની જન્મ જયંતિ નિમિત્તે નગરયાત્રા

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાંઆવી હતી. ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ ડૉ. બાબા સાહેબ આંબેડકરનો જન્મ ઈન્દોર નજીક મહુમાં થયેલ હતો. રાજ્ય સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરનાર છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવી હતી.

મહેસાણા શહેરના સોમનાથ મંદિરથી અંદાજીત ૨૦૦ જેટલી બાઈકોની રેલીનું તેમજ સિદ્ધાર્થ સ્કૂલથી નગરયાત્રાનું પ્રસ્થાન સાંસદશ્રી જયશ્રીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. બાઈક રેલી પ્રસ્થાન સમયે ગુજરાત પછાત વિકાસ નિગમના ચેરમેન જયંતભાઈ બારોટ, અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન રમેશ સોલંકી, જિલ્લા કલેકટરશ્રી લોચન સેહરા, પૂર્વ સાંસદશ્રી નટુજી ઠાકોર સહિત દલિત સમાજના અગ્રણીઓ અને પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા શહેરમાં અંદાજીત ૨૦૦ જેટલા બાઈક સવારો સાથે નીકળએલ રેલી શહેરના તમામ માર્ગો પર ફરી ડૉ. બાબાસાહેબ આંબેડકરને ભાવાંજલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત નગરયાત્રા શહેરના રાજમાર્ગો પર ફરી ડૉ. બાબાસાહેબ આંબેડકરની સૂત્રોચ્ચાર સાથે જન્મ જયંતિની ઉજવણી કરી હતી.

## શબ્દાવલી - ૫૭૦૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ■ | ૪ | ■ |
| ૫ | | ■ | ૬ | | | | ૭ |
| ૮ | | | ■ | ■ | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | ■ | ■ | |
| ■ | ■ | ૧૩ | | | ૧૪ | | |
| ■ | ■ | ૧૫ | | | ■ | | ■ |
| ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | | ■ | ૧૯ |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. હિંદુઓનું ધર્મસ્થાન (૩)
૫. દિવસ (૨)
૬. દૃષ્ટિચૂક, સરતચૂક (૫)
૮. વાચનાર વર્ગ (૩)
૯. દેવું (૨)
૧૦. બી ગ્યા, ડરી ગયા (૨)
૧૧. ખરલ, વાટનો પથ્થર (૨)
૧૩. ગોલમાલ (૬)
૧૫. પથ્થર, ખરાબો (૩)
૧૬. બ્રેડનો એક પ્રકાર (૨)
૧૮. આગળ વધવું (૩)
૨૦. હરિભક્તો (૫)
૨૧. કાર્ય (૨)

### ઊભી ચાવી

૧. માંદગી (૪)
૨. રોજનીસી, દિવસનું કાર્ય(૪)
૩. હાથી (૨)
૪. ચોક્કસ (૩)
૭. દેવાદાર (૪)
૧૧. જર્જરીત, જૂનું પુરાણું (૫)
૧૨. ... ખેલ મેં ખોયા... જવાની નીંદ પર સોયા બુઢાપા દેખકર રોયા (૫)
૧૩. બખોલ (૨)
૧૪. સુગંધી સ્વાદિષ્ટ લાકડું(૨)
૧૭. ગરમ (૨)
૧૯. રાજય (૨)

### શબ્દાવલી ૫૭૦૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) આફત (૪) સુપર્ણખા (૭) ફનકાર (૯) જોબન (૧૧) આડુ (૧૩) વનવે (૧૪) અવધ (૧૬) દવે (૧૮) નુતન (૧૯) કુલીનતા (૨૧) માલ (૨૩) તલાવડી

**ઊભી ચાવી :-** (૧) આફરો (૨) ફન (૩) તકાજો (૫) પક્ષ (૬) ખાસડુ (૮) રબ (૧૦) નવશેકુ (૧૧) આવેદન (૧૨) જવતલ (૧૪) અનુમાન (૧૫) ધન (૧૭) વેતાળ (૨૦) લીમડી (૨૨) તોલા

## લાઈનરાજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા સેવા સદનમાં જે રીતે લાઈનરાજ પ્રસ્થાપિત થઈ રહ્યુ છે તેમાં અધિકારીઓની ઘટને પણ કારણભુત ગણવામાં આવી રહ્યું છે. અધિકારીઓ એક કરતાં વધુ જગ્યાઓનો વધારાનો હવાલો ધરાવતા હોવાને કારણે તેમજ નાયબ મામલતદાર અને કારકુન સંવર્ગની જગ્યાઓ જે મોટી સંખ્યામાં ખાલી છે તેને કારણે લાઈનરાજનો વિકલ્પ તત્ર પાસે રહ્યો નથી.

જનસેવા કેન્દ્રમાં ૫૦ થી પણ વધુ સેવાઓ આપવામાં આવી રહી છે. જ્યારે તેના આખરી નિકાલ માટે માત્ર એક નાયબ મામલતદાર હોય છે. નાગરિક અધિકારપત્રની જોગવાઈઓ મુજબ સમયસર કામગીરી નહિ થતી હોવાની પણ ફરિયાદો ઉઠી રહી છે. અહિ નાગરિક અધિકારપત્ર અંતર્ગત દરમાસાન્તે લગભગ ૨૦૦ થી વધુ અરજીઓ સમય-મર્યાદામાં નિકાલ થયા વગરની રહેતી હોવાની વાતો જાણવા મળી રહી છે.

જનસેવા કેન્દ્રમાં નાયબ મામલતદારોની સંખ્યા વધારવી જોઈએ જેથી કામગીરીમાં ગતિ આવે.

આ ઉપરાંત જિલ્લામાં નાગરિક અધિકારપત્રની જોગવાઈઓના અમલ માટે દરેક શાખામાં ચોક્કસ રજીસ્ટર નિભાવવામાં આવે તેવી માંગ લોકોમાં ઉઠી રહી છે. ઘણીવાર તંત્ર દ્વારા અરજી નહિ મળ્યાનું કહી અરજદારને જે રીતે ટાળવામાં આવી રહ્યા છે તેની સામે પણ લોકોમાં રોષ ઉભો થયો છે.

## ગ્રીન બિલ્ડીંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ હાર્વેસ્ટીંગ સિસ્ટમ લગાવવામાં આવનાર છે.

આ ઉપરાંત સોલાર એનર્જી માટેની પેનલોનું ફિટીંગ કરવામાં આવનાર છે. ૧૦ કિલોવોટ જેટલી સોલાર ઊર્જા ઉત્પન્ન થઈ શકે તેટલી પેનલો લગાવવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાની પ્રાથમિક શાળાનું આ પ્રથમ સંકુલ હશે જે ગ્રીન બિલ્ડીંગ હશે. આ માટેના રેટીંગ નક્કી કરેલા હોય છે અને તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. તંત્ર દ્વારા હાલ કામગીરી તેના અંતિમ તબક્કામાં હોઈ સમયમર્યાદામાં બધા કામો પૂર્ણ થાય તેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.

આ સંકુલમાં ૩૬૫ થી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે એટલુ જ નહિ સ્કૂલમાં ગાર્ડનીંગ માટે લોન અને અન્ય ફૂલછોડનું પણ અલગથી વાવેતર કરવામાં આવ્યું છે.

જિલ્લા શિક્ષણ સમિતિના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર અહિ વૃક્ષોના ઉછેર માટે વિદ્યાર્થીઓને તે દત્તક આપવાનું આયોજન થઈ રહ્યુ છે તેમજ સ્વચ્છતા માટે વિદ્યાર્થીઓની એક ખાસ સમિતિ પણ રચવામાં આવનાર છે.

## સ્થાપના દિવસથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય મંત્રી વસુબેન ત્રિવેદી, દંડકશ્રી પંકજ દેસાઈ, ઉપાધ્યક્ષ શ્રી આત્મારામભાઈ પરમાર, મુખ્ય સચિવ શ્રી ડી.જે. પાંડિયન, પ્રભારી સચિવશ્રી ડાગુર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, વિધાનસભા સચિવ શ્રી ડી.એમ. પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ભીમજીયાણી, પ્રાંત અધિકારી શ્રી સુધીર પટેલ સહિત જિલ્લાના મુખ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકો સાથે સમુહ તસ્વીર પણ પડાવી હતી અને દરેક શાળાને તે મોકલી આપવામાં આવશે તેવી જાહેરાત પણ કરી હતી.

## કોલ કર્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપયોગ કર્યો છે. જેમાં સૌથી વધુ ૧૮૧ કોલ ઘરેલુ હિંસા સંબંધીત સમસ્યાઓને કારણે આવ્યા હતા. તે ઉપરાંત ૪૭ કૉલ કાનુની સલાહ સુચન, ૪૪ તણાવને લગતી બાબતોમાં, ૪૧ ફોન કે મેસેજ દ્વારા પજવણીનાં કિસ્સામાં, ૩૯ શારીરિક હિંસાના, ૧૪ અન્ય સંબંધોના વિખવાદો, ૧૮ શારીરિક છેડતીના, ૧૦ ઘરમાંથી કાઢી મુકવાના કિસ્સાઓમાં તથા ૧૦ ગંભીર શારીરિક ઈજાઓના કારણોસર કંટાળીને ૧૮૧ હેલ્પલાઈન પર ગાંધીનગર જિલ્લાની મહિલાઓએ કોલ કર્યો છે. જેમાં હેલ્પલાઈન દ્વારા જરૂરી સલાહ-સુચન માર્ગદર્શન અને કાઉન્સીલીંગ આપવામાં આવ્યું છે.

**નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ**
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**જાહેર ખબર**

આથી જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૯/૧/૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૬૦ ઓફ ૨૦૧૫ / ટીપીએસ / ૧૧૨૦૧૪/૧૦૩૮ / એલ થી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૬૫ હેઠળ નગર રચના યોજના ગુડા નં.૮ (સરગાસણ)ની પ્રારંભિક યોજનાને મંજુરી આપેલ છે, અને આ યોજના તા. ૨૯/૧/૧૫થી અમલમાં આવેલ છે. સદર યોજના જાહેર જનતાને જોવા સારૂ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગરની કચેરીમાં રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય કચેરીના કામકાજના સમય દરમિયાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સહી/-
(પી. એલ. શર્મા)
મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૯૫/૧૫-૧૬